# કપોળ જ્ઞાતિના જોઈ નહીં શકતા કૃષ્ણ શેઠે નૅશનલ કરાટેનો ગોલ્ડ મેડલ જીત્યો



મુંબઈ યુનિવર્સિટીમાં થોડા દિવસ પહેલાં આયોજિત ઇન્ડિયા ઓપન તાએ ક્વાન ડો કપ-૨૦૧૩ની પૂમસી ઈવેન્ટમાં મહારાષ્ટ્ર વતી જીતેલા ગોલ્ડ મેડલ અને માનદ પુરસ્કાર સાથે કપોળ જ્ઞાતિનો ૯ વર્ષનો કૃષ્ણ શેઠ. કાંદિવલી (વેસ્ટ)માં રહેતો અને નજીકની સ્વામી વિવેકાનંદ ઇન્ટરનૅશનલ સ્કૂલમાં બીજા ધોરણમાં ભણતો કૃષ્ણ જન્મથી નથી જોઈ શક્તો, પરંતુ અગાઉ ઘણી સ્પર્ધાઓની જેમ આમાં પણ તેણે નૉર્મલ હરીફો વચ્ચે સુવર્ણ ચંદ્રક હાંસલ કરી લીધો હતો. આખી સ્પર્ધામાં એકમાત્ર કૃષ્ણ શારીરિક રીતે અક્ષમ હતો. તે ઍથ્લેટિક્સમાં પણ ગોલ્ડ મેડલ સહિત ઘણા ચંદ્રકો જીત્યો છે.